# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-04-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MEHSANA YATRI

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં મહેસાણા જિલ્લાના નવ પ્રવાસી ફસાયાના અહેવાલ છે. વિજાપુરના ત્રણ અને વિસનગરના છ એમ કુલ નવ પ્રવાસી ખાનગી બસમાં જમ્મુ-કાશ્મીર ગયા હતા. હાલમાં આ તમામ લોકોને બનિહાલના આર્મી કૅમ્પમાં આશરો અપાયો છે. જિલ્લા અધિક કલેક્ટર જસવંત જગોડા સહિતના અધિકારીઓ પ્રવાસીઓના સતત સંપર્કમાં છે.

. . . . . . . . . . . . .

# KAILAS MANSAROVAR YATRA

કોરોના રોગચાળાના કારણે બંધ કૈલાસ માનસરોવર યાત્રા ચાર વર્ષ બાદ આગામી 30 જૂનથી ફરી શરૂ થશે. આ તીર્થયાત્રા ઉત્તરાખંડ માર્ગથી થઈને જશે. વિદેશ મંત્રાલય અને ઉત્તરાખંડ સરકારના સંયુક્ત દેખરેખ હેઠળ યોજાનારી આ યાત્રાની વ્યવસ્થાની જવાબદારી કુમાઉ મંડળ વિકાસ નિગમ- K.M.V.N.ને સોંપવામાં આવી છે.

આ યાત્રા દિલ્હીથી શરૂ થઈ ચીનમાં પ્રવેશ કરવા પિથૌરાગઢના લિપુલેખ પાસ થઈને આગળ વધશે. આદ્યાત્મિક રીતે મહત્વપૂર્ણ અને શારિરીક રીતે પડકારજનક આ યાત્રા 22 દિવસની છે. યાત્રાળુઓને 50-50ના પાંચ જૂથમાં વહેંચવામાં આવશે. યાત્રાળુઓનું પહેલું જૂથ ચીનમાં દસ જુલાઈએ પ્રવેશ કરશે. જ્યારે અંતિમ જૂથ 22 ઑગસ્ટે પરત આવશે.

દરમિયાન તીર્થયાત્રીઓ ટનકપુર , ધારચૂલા, ગુન્જી અને નાભિધાંગ ખાતે રોકાશે. યાત્રાળુઓ દિલ્હી પહોંચતા પહેલા બુન્દી , ચૌકોરી અને અલમોડાથી થઈ પસાર થશે. તમામ યાત્રાળુઓના આરોગ્ય અને સલામતીને સુનિશ્ચિત કરવા માટે ભારત-તિબેટ સરહદ પોલીસ- I.T.B.P.ના સહકારથી પિથૌરાગઢના ગુન્જી અને દિલ્હીમાં આરોગ્યની તપાસ કરાશે.

. . . . . . . . . . . . .

# GERKAYDESAR DABAN KUTCH

પશ્ચિમ કચ્છ પોલીસે ગુનાહિત ઇતિહાસ ધરાવતા વ્યક્તિ દ્વારા થયેલા ગેરકાયદે દબાણને દૂર કર્યાં છે. સત્તાવાર યાદી મુજબ , આ વ્યક્તિએ ભુજ તાલુકાના સરગુ ગામના બન્ની વિસ્તારના જંગલ વિભાગ હસ્તકની જમીનમાં ગેરકાયદે રીતે મકાન અને વાડો બનાવ્યો હતો. પોલીસે આ તમામ દબાણ હટાવી અંદાજે 10 લાખ રૂપિયાની કિંમતની જમીન ખાલી કરાવી છે. આ વ્યક્તિ સામે કચ્છ, બનાસકાંઠા અને અમદાવાદ જિલ્લામાં પાંચથી વધુ છેતરપિંડીના ગુના દાખલ થયા છે.

. . . . . . . . . . . . .

# CHHOTA UDEPUR TEKA NA BHAV

છોટાઉદેપુર જિલ્લાના ખેડૂતોની તુવેર ખરીદવા માટે ત્રણ કેન્દ્ર શરૂ કરાતાં ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી છે. બહાદારપુર , બોડેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ- A.P.M.C., અને ઢોકલિયા જીન સોસાયટી એમ ત્રણ કેન્દ્ર પર કુલ 65 હજાર 750 ક્વિન્ટલ જેટલી તુવેરના ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે. આ અંગે વેપારી દિપેશ શાહે માહિતી આપી હતી.

[ બાઈટઃ દિપેશ શાહ, વેપારી ]

બીજી તરફ, બનાસકાંઠા જિલ્લામાં રાયડાના ખરીદ કેન્દ્રો પર ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવી છે. સરકાર દ્વારા ચાર હજાર કિલો રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે તેવી ખેડૂતો માગ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# DIU NAKLI DOCUMENT

કેન્દ્રશાસિત પ્રદેશ દીવની પોલીસ દ્વારા નકલી પ્રમાણપત્ર રજૂ કરી પોતાનું કામ કરનારા સામે કાર્યવાહી કરવામાં આવી છે. દીવના પોલીસ વડા સચિન યાદવે જણાવ્યું કે, નકલી દસ્તાવેજ રજૂ કરનારાઓ સામે કાર્યવાહી કરાશે. કોઈને આવા દસ્તાવેજોની માહિતી હોય તો તાત્કાલિક પોલીસને જાણ કરે તેવી પણ તેમણે લોકોને અપીલ કરી હતી.

(બાઈટઃ સચિન યાદવ, SP, દીવ)

. . . . . . . . . . . . .

# GUJ FILMS AWARDS APPLICATION

ગુજરાતી ચલચિત્રો માટે 'ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ- 2019' હેઠળ ગુજરાતી ચલચિત્રોના કલાકાર કસબીઓને વિવિધ શ્રેણીમાં રોકડ પુરસ્કાર-પારિતોષિક એનાયત કરવામાં આવે છે. કેલેન્ડર વર્ષ-2024-માં નિર્માણ કે પ્રસારણ પામેલા ગુજરાતી ચલચિત્રો , દસ્તાવેજી ચિત્રો અને બાળચિત્રોના સંબંધિત નિર્માતાઓ અથવા અરજદારો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ મગાવવામાં આવી છે.

રાજ્યમાં લાઈસન્સ ધરાવતા સિનેમાગૃહોમાં જાન્યુઆરી-2024થી ડિસેમ્બર-2024 દરમિયાન પ્રથમ વખત પ્રદર્શિત થયા હોય , એવા ગુજરાતી ચલચિત્રોએ પુરસ્કાર માટે આગામી 30 એપ્રિલ સુધીમાં અરજી કરવાની રહેશે. નિયત નમૂનાનું અરજીપત્રક અને જરૂરી વિગતો માહિતી ખાતાની વેબસાઈટ WWW.GUJARATINFORMATION.GUJARAT.GOV.IN પરથી ડાઉનલોડ કરી શકાશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................